# તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્નની દુર્લભતા

રાજ્ય, ચક્રવર્તિપણું કે ઇન્દ્રપણું પ્રાપ્ત થવું દુર્લભ નથી, પણ બોધિની પ્રાપ્તિ અત્યન્ત દુર્લભ છે—એમ શ્રી જિનપ્રવચનમાં કહ્યું છે. સર્વ જીવોએ બધા ભાવો પૂર્વે અનંત વાર પ્રાપ્ત કર્યાં છે, પરન્તુ તેને કદાપિ બોધિની પ્રાપ્તિ થઈ નથી, તેથી જ સંસારમાં પરિભ્રમણ કરે છે. સર્વ જીવોને અનંત પુદ્ગલપરાવર્ત વ્યતીત થયા, પરન્તુ જ્યારે કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહેતાં, આયુ સિવાયના સાત કર્મની સ્થિતિ અન્તઃકોટાકોટી સાગરોપમની બાકી રહે ત્યારે કોઈક જીવ ગ્રન્થિભેદથી ઉત્તમ બોધિરત્ન પામે છે અને બીજા જીવો યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિની મર્યાદામાં આવેલાં છતાં પાછા વળે છે અને પુનઃ સંસારમાં ભમે છે. કુશાસ્ત્રશ્રવણ, મિથ્યાદૃષ્ટિનો સંગ, કુવાસના અને પ્રમાદશીલતા—એ બધા બોધિના વિરોધી છે. જો કે ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ છે, તો પણ બોધિ પ્રાપ્ત થયે ચારિત્રની સફળતા છે, અન્યથા નિષ્ફળતા છે. અભવ્યો પણ ચારિત્ર પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ દ્રવ્યક્રિયાના બળે નવમા ગ્રૈવેયક સુધી જાય છે, પણ બોધિ ન હોવાથી નિર્વાણ પ્રાપ્ત કરી શકતા નથી. જેને બોધિરત્ન પ્રાપ્ત થયું નથી તે ચક્રવર્તિ હોવા છતાં પણ રંક જેવો છે, પરન્તુ જેણે બોધિરત્ન પ્રાપ્ત કર્યું છે તે રંક પણ ચક્રવર્તિ કરતાં અધિક છે. **જેમને બોધિરત્ન પ્રાપ્ત થયેલ છે તે જીવો સંસારમાં ક્યાંય આસક્ત થતાં નથી, પરંતુ મમત્વરહિત થઇને**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એક માત્ર મુક્તિમાર્ગની જ ઉપાસના કરે છે.** જેઓ પરમપદ પામ્યા છે, પામશે અને પામે છે, તે બધા બોધિ પામીને જ તે પામી શકે છે, માટે બોધિની જ ઉપાસના કરો.

## મોક્ષનો એક જ માર્ગ

મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળાં સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્તમાનકાળે પણ તેથી જ પામે છે અને ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ભેદાભેદ નથી, માન્યામાન્ય નથી. તે સરળ માર્ગ છે, તે સમાધિમાર્ગ છે તથા તે સ્થિર માર્ગ છે અને સ્વાભાવિક શાંતિસ્વરુપ છે. સર્વ કાળે તે માર્ગનું હોવાપણું છે. એ માર્ગના મર્મને પામ્યા વિના કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્તમાનકાળે પામતાં નથી, અને ભવિષ્યકાળે પામશે નહિ.

શ્રી ભગવાન જિને સહસ્ત્રગમે ક્રિયાઓ અને સહસ્ત્રગમે ઉપદેશો એ એક જ માર્ગ પામવા માટે કહ્યાં છે, તે માર્ગને અર્થે તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સફળ છે અને એ માર્ગને ભૂલી જઈ તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સૌ નિષ્ફળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org